## હા... સાહેબ !

"અરે પાછા શાના ઉધામા ચાલુ કર્યા..?!"

"સાહેબ..! કયા ઉધામાની વાત કરો છો..?! શાના ઉધામા..?! ફોડ પાડો તો સમજાય..!"

"ખરા છો હોં..! મારા મોંએ જ બોલાવવું છે..?!" એમને..?! આ ખેડૂત આંદોલનના નામે શું નાટક શરૂ કર્યા છે..?! રસ્તામાં દૂધ ઢોળી કે શાકભાજીના ઢગલા કરી અમને બદનામ જ કરવા છે ને..?!"

"અમે તો શું બદનામ કરવાના હતાં..?! તમે જ તમારી જાતે થાઓ છો..!"

"ખરા છો તમે..! આંદોલન તમે કરો, અને તોયે અમે જાતે બદનામ થઈએ છીએ તેવો આક્ષેપ કરો..! શું સમય છે..! "ચોરી ઉપર સે સીના જોરી"..!"

"હવે સાંભળી જ લો... સાંભળવું જ છે ને તમારે..! ચાર વરસ પહેલાં સાહેબે ગાઈ વગાડીને દેશમાં કહ્યું'તુ કે... ખેડૂતો માટે સ્વામિનાથન સમિતિના અહેવાલનો અમલ કરીશું..! એમાં થયું કશું..?! કે પછી ડાકલાં જ વગાડવાના..!?!"

"અરે..! તમે જુઓ તો ખરા..."

"જોયું જોયું..! ચાર વરસ જોયું..! જગતના તાતને રસ્તા ઉપર દૂધ ઢોળવા આવવું પડે..! શાકભાજીના ઢગલા કરવા પડે... ધરણાં કરવા પડે... આનાથી વધારે શું જોવાનું છે..?"

"એ તો તમે લોકો કાગનો વાઘ કરો છો... ખેડૂતો તો બિચારા રાજી રાજી જ છે..! અમે પાક વીમા યોજનાઓ કરી... કૃષિ મેળાઓ યોજ્યા... ખાતરોમાં સબસીડી વધારી... જંતુનાશક દવાઓ પહોંચાડી... ખેડૂતો તો બિચારા રાજીના રેડ છે..! આ નાટક તમારા છે..!"

"એમ..! સાંભળવા છે... તમારા જ આંકડા તમને સંભળાવું... શું કલ્યાણ કર્યું છે ખેડૂતોનું..! આંકડા જોશો ને તો આંખો ફાટી જશે..! ચર્ચાનું નામ નહીં લો..!"

"બીક બતાઓ છો..?! કહી દો ત્યારે... કહેવું જ છે ને તમારે..?!"

"સાભળો..! કાન ખોલીને સાંભળો..! તમારી સરકારે ચાર વરસમાં ઉદ્યોગો અને ઉદ્યોગપતિઓ માટે સાડા પાંચ લાખ કરોડ માફ કર્યા કે રાહતો આપી..! જ્યારે ખેતી અને ખેડૂતો માટે માંડ એક લાખ કરોડ..! ટેકાના ભાવના નામે કૌભાંડો... વચેટિયાઓની દાદાગીરી... ખેડૂતોનું ચારેકોરથી શોષણ... શોષણ ને શોષણ..!"

"ઓ હો હો હો..! અગાઉની સરકારે તો જાણે કલ્યાણે કલ્યાણ જ કરેલું છે..!"

"સાહેબ... તમારી ભૂલોને બીજાની ઉપર ના ધકેલો... તમે નથી કરી શક્યા એ સ્વીકારો..! તમને ખબર તો હશે જ કે જે જીડીપીના ગાણા ગાઓ છો તેમાં ઉદ્યોગોનો હિસ્સો માત્ર ૧૪ ટકા હોય છે જ્યારે ખેતીનો હિસ્સો ૫૫ ટકા છે અને એ જ ખેડૂતો આ દેશમાં નકસલીઓ બાદ સૌથી વધુ પોલીસની ગોળીઓથી મરે છે..!"

"ભડકાવો છો... ભડકાવો છો તમે..! તમને અરાજકતા જ ગમે છે... અંધાધુંધ કરાવવી છે..! તોફાનો કરી સત્તાની સીડી ચડવી છે..!"

"સાહેબ કોણ શું કરે છે અને કોને શું આવડે છે..? એ બધુ જ આ દેશની જનતા જાણે છે..! ૨૦૦૨ના ગોધરાકાંડથી લઈ પશ્ચિમ બંગાળના તોફાનો સુધીનો ઈતિહાસ સૌને ખબર જ છે..! બાંધી મુઠ્ઠી લાખની..!"

"અરે મુઠ્ઠી તો બધાની બંધ જ સારી..! આપણે તો જોડવાનુ કામ કરવાનું છે... તોડવાનું નહિં..! વિવાદ નહીં સંવાદ કરીએ ! પક્ષાપક્ષીથી પર રહી દેશહિતની વાતને જ અગ્રતા આપીએ..!"

"હા... સાહેબ...હા..!!







હદ થાય છે... - શહેરમાં નવનિર્મિત બસ સ્ટેન્ડની દશા તો જોવા જેવી કરી છે... જ્યાં ત્યાં રંગબેરંગી પોસ્ટરો અને હેન્ડબીલો ચીપકાવી-ચીપકાવી લાખોના ખર્ચે બનેલા બસ સ્ટેન્ડને ધૂળધાણી કરી નાખ્યા છે... પોસ્ટર - હેન્ડબીલ ચીપકાવનારને સહેજપણ શરમ નથી આવતી કે આ નવું નક્કોર બસસ્ટેન્ડ છે... આ પ્રજાને ઉપયોગી સ્થાન છે... આ સેવા માટેનું સ્થાન છે... અહીં આડેધડ પોસ્ટર - હેન્ડબીલ લગાવી નવા નક્કોર સુંદર બસસ્ટેન્ડની હાલત ખરાબ કરી નાખી છે... વહીવટી તંત્રે કડક બનવાની જરૂરિયાત સર્જાઈ છે... સરકારી મિલ્કત પર પોસ્ટર - હેન્ડબીલ લગાવતા સંગઠનો, વેપારીઓ કે સંચાલકો સામે દંડનીય જોગવાઈ કરવી જોઈએ... જ્યાં સુધી કડક હાથે કામ નહિ લેવાય ત્યાં સુધી પ્રચાર - પ્રસારનો રાક્ષસ શહેરની સુંદરતાને ધૂળધાણી કરી નાખશે...

# ગ્રામસભા અભિયાનમાં ગામદીઠ સરેરાશ એક પણ પ્રશ્ન રજુ ન થયો

**સરેરાશ ૧૦૦ માણસો જ ગ્રામસભામાં હાજરી આપી રહ્યા છે : ગ્રામ્ય પ્રજાના અકળ મૌનથી તંત્ર ચિંતામાં ગરકાવ**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર જિલ્લામાં ચાલી રહેલ ગ્રામસભા અભિયાનમાં ગ્રામસભા દીઠ સરેરાશ એક પ્રશ્ન પણ રજુ થવા પામ્યો નથી જે ગ્રામસભા અભિયાન નિષ્ફળ રહ્યાનો પુરાવો છે.

જિલ્લામાં ૫૦ ટકા કરતાં પણ વધુ ગામોમાં ગ્રામસભા અભિયાન સંપન્ન થઈ જવા પામ્યુ છે અને આ સભામાં સરેરાશ સો માણસની હાજરી જ નોંધાઈ છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લાના ૩૦૩ ગામોમાંથી ૧૬૮ ગામોમાં ગ્રામસભા સંપન્ન થઈ ગઈ છે. આ ગ્રામસભાઓમાં ૧૫૫ પ્રશ્નો રજુ થયા છે. જેમાં ૧૦૭ પ્રશ્નોનો સ્થળ પર નિકાલ આવ્યો છે જ્યારે ૨૬ પ્રશ્નોનો નકારાત્મક ઉકેલ આવેલ છે. આ ઉપરાંત ૨૨ પ્રશ્નો પડતર રહેવા પામેલ છે. અર્થાત તે વણ ઉકલ્યા રહેવા પામ્યા છે.

મળતી વિગતો પ્રમાણે માણસા તાલુકામાં ૬૨ ગ્રામસભાઓ સંપન્ન થઈ ચુકી છે અને ત્યાં ૬૫૨૫ લોકો આ

● અનુસંધાન પાન-૭ પર

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૮૪૫ સ્થાનો પરથી મચ્છરોના પોરા મળી આવ્યા

**તાવના ૧૩૦૦ કેસ મળ્યા તો મચ્છરોના ૩૦૦૦થી વધુ ઉત્પત્તિ કેન્દ્રો મળ્યા**

ગાંધીનગર, તા. ૬

વાહકજન્ય રોગચાળાને નિયંત્રિત કરવાના હેતુસર હાથ ધરાયેલ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સના ત્રીજા રાઉન્ડના આજના ત્રીજા દિવસે ૮૪૫ સ્થાનો પરથી મચ્છરોના બ્રીડીંગ મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ચાલી રહેલા આ સર્વેલન્સમાં આજે ૧,૪૫,૭૬૭ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. ૩૦,૨૦૦થી પણ વધુ આવાસોને તંત્રની ટીમો દ્વારા સર્વેલન્સમાં આવરી લેવામાં આવેલ હતા.

તંત્રના સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આજે ૩૩૮ જેટલા તાવના દર્દી મળી આવ્યા હતા જેમના લોહીના નમૂના મેળવી અને પરીક્ષણ માટે મોકલી આપવામાં આવેલ છે.

જિલ્લામાં ત્રણ દિવસ દરમ્યાન ૧૩૦૦ જેટલા તાવના દર્દી શોધવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિ ૧૫મીએ રચાશે

**૧૫મી જુને તાલુકા પંચાયતની સામાન્ય સભા બન્ને પક્ષો દ્વારા રાજકીય દાવપેચ ખેલાશે**

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિ અને સામાજિક ન્યાય અધિકારિતા સમિતિની રચનાનું કોકડુ ૧૫મીએ મળનારી સામાન્ય સભામાં ઉકલી જશે.

ગાંધીનગર તાલુકા પંચાયતની નવી રચના થયાને ત્રણ માસથી પણ વધુ સમય બાદ હવે ૧૫મી જુને મળનારી સામાન્ય સભામાં કારોબારી અને સમાજ કલ્યાણ સમિતિની રચનાનો મુદ્દો એજન્ડામાં સમાવવામાં આવ્યો છે.

કારોબારી સમિતિમાં નવ સભ્યો ચૂંટવાના થાય છે. જો કોંગ્રેસના ગેરહાજર રહેલા સભ્યો અને કોંગ્રેસ વચ્ચે સમજૂતી થશે તો નવે સભ્યો કોંગ્રેસના ચૂંટાશે અને સમાજકલ્યાણ સમિતિ પણ કોંગ્રેસને મળશે.

જિલ્લા પંચાયતના નવા પ્રમુખની ચૂંટણી પહેલાં ગાંધીનગર તાલુકા પંચાયતનું કોકડુ ઉકેલવા માટે બન્ને પક્ષો સક્રિય થયા છે. હવે કોણ ફાવે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે.

કારોબારી સમિતિ જો કોંગ્રેસ પાસે જશે તો ભાજપ માટે તાલુકામાં આગામી દિવસો કપરા ચડાણ જેવા સાબિત થશે. કોંગ્રેસના જે સભ્યો ગેરહાજર હતા તે બધા આજે પણ કોંગ્રેસ સાથે જોડાયેલા હોવાનો રાગ આલાપી રહ્યા છે.

બીજી તરફ ભાજપ આ ૬ સભ્યોને ભાજપમાં ભેળવી અને આખેઆખી તાલુકા પંચાયત તેમની હતી અને તેમની પાસે જ રાખવા માગે છે તે વાત સ્પષ્ટ કરવાના પ્રયત્નોમાં ગળાડુબ છે.

બન્ને પક્ષો છાતી સરખા વ્યુહરચનાના કાર્ડ રાખી આખી રમત ૧૫મીએ જ સ્પષ્ટ થશે તેમ જણાવી રહ્યા છે.

# રાજયમાં કોઈપણ આરટીઓથી લાઈસન્સ રિન્યુ કરી શકાશે

**રાજ્યના વાહનચાલકો માટે ખુશીના સમાચાર : વાહનચાલકો પોતાના જિલ્લાની આરટીઓના બદલે ગમે તે આરટીઓથી ડ્રાઇવીંગ લાઇસન્સ રિન્યુ કરી શકશે**

અમદાવાદ,તા.૬

ગુજરાતનાં વાહનચાલકો માટે એક ખુશીનાં સમાચાર સામે આવ્યાં છે. વાહન ચાલકોને હવે ડ્રાઈવિંગ લાઈસન્સ રિન્યૂ કરાવવા પોતાનાં જિલ્લાનાં આરટીઓ કચેરીમાં જવું નહીં પડે. વાહનચાલકો રાજયની કોઈપણ આરટીઓ કચેરીમાં ડ્રાઈવિંગ લાઈસન્સ રિન્યુ કરાવી શકશે. રાજય સરકારનાં વાહન વ્યવહાર વિભાગ દ્વારા આ અંગે મહત્વનો પરિપત્ર જાહેર કરાયો છે. સરકારના આ નવા નિર્ણયની અમલવારી આવતીકાલથી જ શરૂ થઈ જશે. સરકારના આ પરિપત્રના પગલે હવેથી વાહનચાલકો નજીકની આરટીઓ કચેરીમાંથી તેમના ડ્રાઈવીંગ લાઈસન્સ રિન્યુ કરાવી શકશે. જેના કારણે વાહનચાલકોને ઘણી સરળતા અને અનુકૂળતા રહેશે.

આ અંગે વાહન વ્યવહાર કમિશનર દ્વારા અપાયેલા આદેશ અનુસાર, અજદારે હવે લાઈસન્સ રિન્યૂ કરાવવા માટે જે આરટીઓમાંથી તે ઈશ્યૂ થયું હોય ત્યાં જવાની જરુર નથી. રિન્યુઅલની કામગીરી માટે હવે પરિવહન.કોમ વેબસાઈટ પર જઈને પોતાની સગવડ પ્રમાણે જે પણ આરટીઓમાં તેને રિન્યૂ કરાવવા જવું હોય તેને સિલેક્ટ કરી અપોઈન્ટમેન્ટ લેવાની રહેશે. નોંધનીય છે કે છેલ્લા ઘણા સમય બાદ રાજય સરકારનાં વાહનવ્યવહાર વિભાગ દ્વારા જનતાનાં હિત માટે એક સારો અને મહત્વનો નિર્ણય લેવાયો છે. સરકારના આ નિર્ણયની સાથે સાથે જે લોકો એક શહેરમાંથી બીજા શહેરમાં જતા હોય છે તેવાં લોકોને પણ આ નિર્ણયનો વિશેષ ફાયદો થશે. કારણ કે, જો તેઓના ડ્રાઈવીંગ લાઈસન્સની ટર્મ પતી ગઈ હશે તો તેઓ તે શહેરની આરટીઓ કચેરીમાંથી પણ પોતાનું ડ્રાઈવીંગ લાઈસન્સ રિન્યુ કરાવી શકશે. જેના કારણે વાહનચાલકો-નાગરિકોનો સમયનો પણ બચાવ થશે અને તેઓની સમસ્યાનું નિરાકરણ પણ ટૂંક સમયમાં આવી શકશે. સરકારના આ નવા નિર્ણયની અમલવારી તા.૭મી જૂન એટલે કે, આવતીકાલથી જ શરૂ થઈ જશે. જેને પગલે રાજયભરના વાહનચાલકો અને નાગરિકોમાં ખુશીની લાગણી ફેલાઈ ગઈ છે.



ચોમાસાનું કાઉન્ટ-ડાઉન : કાળઝાળ ગરમી અંતિમ ચરણમાં છે... અને ચોમાસાના આગમનના કાઉન્ટ-ડાઉન શરૂ થયું છે ત્યારે તંત્ર દ્વારા અગમચેતીના પગલા લેવાઈ રહ્યા છે... સ્ટ્રોમવૉટરની પાઈપલાઈની સફાઈ ચાલી રહી છે... ગંદકીના ઢગ ખસેડાઈ રહ્યા છે અને વૃક્ષોનું ટ્રીમીંગ થઈ રહ્યું છે... દર ચોમાસાના પ્રારંભે વૃક્ષો પડવાની અને ડાળીઓ નમવાની ફરિયાદો સ્વાભાવિક થતી હોય છે... પરંતુ આ વખતે તંત્ર સમયસર પગલા લઈ રહ્યું છે ત્યારે આવી ફરિયાદોને અવકાશ નહિ રહે એમ વર્તાય છે...

# રાજ્યભરમાં તાપમાનમાં આંશિક ઘટાડો

અમદાવાદ, તા.૬

અમદાવાદ સહિત રાજ્યના જુદા જુદા ભાગોમાં ગરમીના પ્રમાણમાં વધારો થયો છે. ગરમીના કારણે લોકો ફરી એકવાર પરેશાન દેખાઈ રહ્યા છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો થયો હતો. તાપમાન ઘટાડો થયો હોવા છતાં લોકો મુશ્કેલીમાં દેખાયા હતા. બપોરના ગાળામાં તીવ્ર ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્રના જુદા જુદા ભાગોમાં હળવા વરસાદી ઝાપટા પડવાની આગાહી હવામાન વિભાગે અકબંધ રાખી છે. આજે સૌથી વધુ તાપમાન આજે સુરેન્દ્રનગરમાં નોંધાયું હતું.

# પ્લાસ્ટિક મુક્ત બનવા માટે લોક જાગૃતિ સાથે સક્રિય ભાગીદારી જરૂરી

ગાંધીનગર, તા. ૬

પ્લાસ્ટીકનો ઉપયોગ વધુ પડતો માનવજીવન માટે ખતરારૂપ છે અને પ્લાસ્ટીક મુક્ત અભિયાન માટે લોકોની સક્રિય ભાગીદારી આવશ્યક હોવાનું આજે મનપા દ્વારા યોજાયેલ વર્કશોપમાં વક્તાઓએ કહ્યું હતું.

**મનપા દ્વારા 'પ્લાસ્ટીક મુક્ત શહેર' પર યોજાયો સેમિનાર**

ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા યોજાયેલ 'પ્લાસ્ટીક મુક્ત શહેર' વિષયને લઈ સેમિનારનું આયોજન કરાયુ હતુ. આ સેમિનારમાં પર્યાવરણ નિષ્ણાત અલ્પાબેન ઠક્કર અને મદદનીશ પર્યાવરણ ઈજનેર જયસ્વાલ હાજર રહ્યા હતા.

તેમણે જણાવ્યુ હતુ કે આજે સમગ્ર વિશ્વ પ્લાસ્ટીક પ્રદૂષણને નાથવા માટેનો ભગીરથ પ્રયાસ કરી રહેલ છે ત્યારે આપણે પણ આપણો સહયોગ આપીએ. તેમણે જણાવ્યુ હતુ કે આ માટેની જાગૃતિની શરૂઆત આપણી જાતને જોડીને કરીશુ તો તેમાં ચોક્કસ સફળ થઈશુ.

તેમણે ૫૦ માઈક્રોનથી ઓછા પ્લાસ્ટીકના વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવાની ચાલી રહેલી કાર્યવાહીથી પણ સૌને વાકેફ કર્યા હતા. પ્લાસ્ટીક વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ની વિવિધ જોગવાઈઓની જાણકારી તેમણે આપી પ્લાસ્ટીક મુક્ત અભિયાનને જન આંદોલનમાં પરિવર્તીત કરવાની હિમાયત કરી હતી.

પ્રારંભમાં મ્યુનિ. કમિશ્નરે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી માટે ભારત દેશની પસંદગી યુનોએ જે કરી છે તે ગૌરવ ઘટનાનો ઉલ્લેખ કરી કહ્યુ હતુ કે આ અભિયાન નહિ પણ પડકાર છે અને પડકારનો સામુહિક રીતે સામનો કરીશુ તો તે અવસરમાં પલ્ટાશે. આજે આપણે સૌએ પ્લાસ્ટીકમુક્ત થવાનો સંકલ્પ લઈ અને પ્રદૂષણ મુક્ત શહેરની રચનાનો માર્ગ કંડારીએ તેવી ભાવના વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે મનપાના અધિકારીઓ તેમજ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ

**શ્રદ્ધાંજલિ**



**સ્વ. લાલચંદભાઈ ગોપલાણી**

સ્વર્ગવાસ તા. ૭-૬-૨૦૧૭

મરણ અહીં છો રહ્યું,
સ્મરણમાં વહે જીંદગી...
પ્રથમ પુણ્યતિથિએ શત્ શત્ વંદન

લિ.
મહેશ લાલચંદભાઈ ગોપલાણી
રાજેશ લાલચંદભાઈ ગોપલાણી
હરેશ લાલચંદભાઈ ગોપલાણી
તથા
સમસ્ત ગોપલાણી પરિવાર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વૉટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com